આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- ચૈતાલી જૌશી

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારખ:-18-03-2024 સમય:-સાજે ૬.૨૫ કલાકે

---

# મુખ્ય નિર્વાચન અધિકારીની બેઠક

રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી.ભારતીની અધ્યક્ષતામાં આજે અમદાવાદ ખાતે રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં આગામી લોકસભાની ચૂંટણી સંદર્ભે આદર્શ આચારસંહિતના અમલીકરણ, ખર્ચ નિરીક્ષણ, વિવિધ આઈટી એપ્લીકેશન સહિતની વિવિધ બાબતો પર રાજકીય પક્ષના પ્રતિનિધિઓને માહિતગાર કરાયા હતા.

મુખ્ય નિર્વાચન અધિકારીએ બેઠકમાં ઉપસ્થિત તમામ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને ચૂંટણીપંચ દ્વારા આપવામાં આવેલા દિશા નિર્દેશોનું પાલન કરીને ચૂંટણીતંત્રને સહકાર આપવા અપીલ કરી હતી.

મા.ખા

---

# ખેડૂત આઈ પોર્ટલ

સરકાર દ્વારા ખેડૂતોને વિવિધ યોજનાઓનો લાભ આપવા માટે ખેડૂત આઇ પોર્ટલ ખુલ્લી મુકવામાં આવી છે. જેમાં બાગાયત વિભાગની વિવિધ યોજનાઓ માટે સહાય મેળવવા માટે ખેડૂતો અરજી કરી શકશે. આ અંગે વધુ માહિતી આપતા જિલ્લા બાગાયત અધિકારી એમ.એસ. પરસાણીયાએ આ પ્રમાણે જણાવ્યું હતું.

બાઇટ : એમ.એસ. પરસાણીયા

પરેશ મારૂ

----------------------------------------------------------------------

## અમીત અરોરા- જાહેરનામુ

લોકસભા સામાન્ય ચૂંટણી 2024ની જાહેરાત થતા કચ્છ ભુજ જિલ્લા મેજીસ્ટ્રેટ અમીત અરોરાએ કલમ 144 હેઠળ પાળેલ જાહેરનામામાં આજથી તારીખ 14 મે 2024 સુધી કોઈ પણ વ્યક્તિએ પોતાના પરવાના વાળા હથિયારો સાથે રાખવા નહી. તેમજ તે લઈને બહાર નિકળવુ નહી. ઉપરાંત ડંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાઠી, લાકડી અથવા શારીરિક ઈજા પહોચાડી શકે તેવી કોઈ પણ ચીજ કે વસ્તુઓ લઈ જાહેર સ્થળો પર નિકળવું નહી. આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ 188 મુજબ શિક્ષાને પાત્ર થશે.

મા.ખા.

----------------------------------------------------------------------

## અબડાસા ચરસ

કચ્છના સાગરકાંઠે ચરસ મળવાનો સિલસિલો યથાવત રહ્યો છે. પશ્ચિમ કચ્છના સરહદી અબડાસા તાલુકાના અરબ સાગર કાંઠેથી આજે સુરક્ષા તંત્રોને બિનવારસી હાલતમાં ચરસનું એક પેકેટ મળી આવ્યું હતું. દરિયામાં ઓફ સિઝન પુરી થવા સાથે જ આજે BSF અને SIBને અબડાસાના દરિયાઈ શિયાળ ક્રિકના જખ મંદિર વિસ્તારમાંથી બિનવારસી હાલતમાં પ્લાસ્ટિક કવરમાં પેક ચરસનું એક પેકેટ મળી આવ્યું હતું. મળી આવેલા પેકેટને સુરક્ષા વિભાગ દ્વારા જખૌ પોલીસના હવાલે કરવામાં આવશે.

પરેશ મારૂ

----------------------------------------------------------------------

## બન્ની - આગ

એશિયાના સૌથી મોટા એવા બન્નીના હાજીપીર વિસ્તારના ઘાસિયા મેદાનમાં ગઈકાલે કોઈ કારણોસર વિકરાળ આગ ફાટી નીકળી હતી. જેમાં ખુબ મોટા

પ્રમાણમાં આગને કારણે ઘાસ સળગી ગયું હતું. ગઈકાલ બપોરે 12 વાગ્યાની આસપાસ ઘાસના મેદાનમાં લાગેલી વિકરાળ આગને કાબુમાં લેવા માલધારી અને ગ્રામીણ લોકોએ આગને કાબુમાં લેવા યથાશક્તિ પ્રયાસ આદર્યા હતા.

ભુજ ફાયર વિભાગના અધિકારી સચિન પરમારે જણાવ્યું હતું કે આજ સવાર સુધીમાં 30 હજાર લીટર પાણીનો વપરાશ કરી આગને કાબુમાં લેવાઈ હતી. ખાનગી એકમની ફાયર ગાડીઓ પણ આ કામગીરીમાં જોડાઈ હતી. હાલ કુલિંગ પ્રક્રિયા ચાલી રહી છે.

**N.P**

--------------------------------------------------------------------------------

## ગાંધીનગર – આઈડેન્ટીટી એવોર્ડ

ગાંધીનગરની અતુલ્ય વારસો સંસ્થા દ્વારા કલા, સંસ્કૃતિ, સાહિત્ય, વારસો હસ્તકલા, વાદ્યો, પ્રવાસન વગેરે વિષયોને લઇને 2024 અતુલ્ય વારસો આઇડેન્ટિટી એવોર્ડની જાહેરાત કરવામાં આવી છે. ગુજરાત રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી 100 વ્યક્તિની પસંદગી કરવામાં આવી છે, જેમાં કચ્છમાંથી દસ વ્યક્તિને પસંદ કરાઈ છે, જેમાં હેરિટેજ પ્રવાસન માટે કૃતાર્થસિંહ જાડેજા, સાહિત્ય માટે રામજી મેરિયા, ચિત્રકલા માટે નવીન સોની, કચ્છી સંગીતકલા માટે મુરાલાલા મારવાડા, લીંપણ કલા માટે માજીખાન મુતવા, સાહિત્ય માટે ગૌતમ જોષી, જયેશકુમાર લાલકાને જળ સંવર્ધન માટે, પ્રવાસન માટે નાગજી પરમાર, સંગીત કલા માટે ડો. કૃપેશ ઠક્કર અને માટીકલા માટે શબ્બીર કાસમ કુંભારનો સમાવેશ થાય છે. અતુલ્ય વારસો ગુજરાતમાં સાંસ્કૃતિક, ઐતિહાસિક વારસાના જતન માટે અને તેના સંવર્ધન માટે કાર્ય કરતી સંસ્થા છે.

**પરેશ મારૂ**

--------------------------------------------------------------------------------

## જુના કટારિયા પોલીસ ચોકી

જૂના કટારિયા ખાતે ગઇકાલે નવી પોલીસ ચોકીનો પ્રાંભ કરાયો છે. પૂર્વ કચ્છ પોલીસવડા સાગર બાગમાર આ પ્રસંગે જણાવ્યું હતું કે નવી પોલીસ ચોકીથી આસપાસના વિસ્તારના લોકોને લાકડિયા સુધી નહીં જવું પડે અને સ્થાનિકે જ નાના - મોટા પ્રશ્નોનું નિરાકરણ આવી જશે. તેમણે લોકોને સાયબર ક્રાઇમના વધતા ગુનાઓથી બચવા અપીલ કરી હતી તેમજ સેફ કચ્છ ઇસ્ટ અભિયાન અંતર્ગત સીસીટીવી કેમેરા ગામડાઓ અને શહેરોમાં લગાડવા આગેવાનો અને સરપંચોને અનુરોધ કર્યો હતો. નવી પોલીસ ચોકી શરૂ થતા આ વિસ્તારમાં ગુનાખોરી પ્રવૃત્તિ પર રોક આવશે તેવું સ્થાનિકો દ્વારા સુર વ્યક્ત કરાયો છે.

પરેશ મારૂ

---------------------------------------------------------------------------